

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*બેન્કો તો સાચી મૂકે છતાં ખોટી ખડકાઈ જાય છે*
*એટીએમ પણ 'તંત્ર'નીતિમાં સંકળાઈ જાય છે!*
*અકળાઈ જાય છે પ્રજા સાચી-ખોટી ટોટી ચૂસીને -*
*રચે પેંતરા, સરકારની ચોટી પકડાઈ જાય છે...*
*(હવે ખોટી નોટો નહીં છપાય, લ્યો!!)*

હાઈકુ

*શક્તિ શોષણ,*
*પોલીસ-એના દ્વારા -*
*ઓડલી પ્રથા...*
*(હાય ગુલામી...!!)*

*દબાઈ જાય,*
*યેન-કેન પ્રકારે -*
*વાણી સ્વાતંત્ર્ય*
*(લોકશાહીની 'સત્તા')*

### ચિંતન

**ન કૃતાર્થેષુ નીચેષુ સંમ્બધઃ ।**

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

સદ્ભાગીએ નીચ મનુષ્ય સાથે સંબંધ ન બાંધવો.

નીચે વ્યક્તિ ભલે ગમે તેટલી ભાગ્યશાળી હોય, શ્રીમંત હોય તો પણ તેની સાથે સંબંધના બાંધવો જોઈએ.

જે માણસ વિદ્વાન-સંસ્કારી છે એણે પોતાના સ્તરથી નીચી કક્ષાની વ્યક્તિ સાથે સંબંધ ન રાખવો જોઈએ. નીચ અને હલકટ વ્યક્તિના દુષિત વિચારો અને વર્તનના છાંટા ભાગ્યાશાળી - સજ્જન વ્યક્તિને પણ ઉડે છે અને બદનામ થાય છે.

આવા નીચ લોકો ઊંચા હોદ્દા પર હોય, ધનવાન હોય, છતાં પણ તેવી વ્યક્તિ સાથે કોઈ પણ જાતનો સામાજિક - મૈત્રી વ્યવહાર સમજુ માણસે રાખવો જ જોઈએ.

### સુવિચાર

- સમયને આપણી સંસ્કૃતિએ કાલદેવતા કહ્યો છે, ભલભલો નાસ્તિક આ કાલદેવતાનું શરણ સ્વીકારે છે - **સમયસૂત્ર**
- પ્યાસ સાથે કદી ના સમાધાન કરજે, તડપ જે દિ તપ બનશે તે દી રણમાંથી ઝરણું પેદા કરજે - **શબ્દસૃષ્ટિ**
- જૂની કહેવત : કરો યા મરો
  નવી કહેવત : મરી જાઓ તે પહેલાં કંઈક કરી છૂટો - **અખંડ આનંદ**
- બંધાયેલી મુઠ્ઠી કરતાં ખુલ્લી હથેળીમાં વધારે શક્તિ રહેલી છે - **સંત રોબિન**
- 'સજ્જન' તેના માતાપિતાએ આપેલા સંસ્કારોની શ્રેષ્ઠ જાહેરાત હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- બિમારીનું નામ જાહેર કરવાથી નહિં, ઈલાજ કરવાથી રોગ મટે છે - **બર્મીઝ કહેવત**
- આજનું ઔષધ : રોજ સવાર-સાંજ ચાર ટીપા દૂધમાં ચપટી મીઠું નાંખી મોં પર ઘસવાથી ચહેરો ગોરો બને છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

જે સત્યનિષ્ઠ જીવન જીવ્યા હોય એમનો અંતિમ ક્ષણ સુધી આત્મવિશ્વાસ મજબૂત હોય છે.

અમેરિકાના મહાન દાર્શનિક ચિંતક થોરો વિદ્વાન તથા તેઓ ગાંધીજીના વિચારોથી પ્રેરિત હતા.

થોરો જયારે જીવનની અંતિમ ક્ષણોમાં હતા ત્યારે તેમને મળવા એક એમની ઉંમરની પિતરાઈ બહેન આવી. તેણે ધીમેથી થોરોને કહ્યું, 'ભાઈ, પ્રભુ પાસે પ્રાર્થના કર અને શાંતિની માગણી કર, અને આજીવન કરેલા અપરાધોની ક્ષમા માગ...' થોરો પિતરાઈ બહેનની વાત સાંભળી અંતિમ ક્ષણોએ પણ મંદ સ્મિત કર્યું અને કહ્યું, 'મારા અને ઈશ્વર વચ્ચે કયારેય અણબનાવ થયો નથી. મેં કયારેય પ્રભુના આદર્શોનું ઉલ્લંઘન કર્યું નથી. હું કાયમ તેમની ઈચ્છા મુજબ જ જીવ્યો છું, પછી ક્ષમા માંગવાનું કારણ શું ??'

થોરોનો અંતિમ ક્ષણોમાં પણ આવો ગજબનો આત્મવિશ્વાસ જોઈ તે બહેન પણ મૌન બની ગઈ.

જે શુદ્ધ-સાત્ત્વિક જીવન જીવીને સ્વકર્તવ્ય બજાવે છે તેને બાહ્ય-આડંબર કરવાની આવશ્યકતા રહેતી નથી.

# સોમનાથ : અસ્મિતાના રાષ્ટ્રદેવતા

**તંત્રીસ્થાનેથી...**

નોસ્ટ્રેડેમસ નામના ભવિષ્યવેત્તાની આગાહી મુજબ ત્રણ સમુદ્રોથી ઘેરાયેલો દેશ મહાસત્તા અને વિશ્વગુરુ બની રહેશે, એ વાત ધીરે ધીરે ભારત સંદર્ભે સાચી ઠરી રહી છે. દુનિયાનાં સમુદ્ર રાષ્ટ્રો એક યા બીજા મુદ્દે નબળાં પડી રહ્યાં છે. અમેરિકાની આબરૂ તળિયે બેસી જાય એવું નેતૃત્વ અમેરિકાની પ્રજાએ સ્વેચ્છાએ પસંદ કર્યું છે. ચીનની વિસ્તારવાદી નીતિ સામે આખી દુનિયાનો એક સરખો વિરોધ છે. ત્યારે એશિયાના આ મહાન રાષ્ટ્રને એનું સદીઓ - સહસ્રાબ્દીઓ પૂર્વે ખોવાયેલું વિશ્વગુરુનું બહુમાન પુનઃ પ્રાપ્ત થવાની શક્યતાઓ નકારી શકાય એમ નથી. રવીન્દ્રનાથ ટાગોરને નોબેલ પારિતોષિક મળ્યું ત્યારે આખી દુનિયાને ભારતીય સાહિત્યના આધ્યાત્મિક ચહેરાની ઓળખ સાંપડી હતી ત્યારે વિવેકાનંદે શિકાગો ખાતે યોજાયેલી વિશ્વધર્મસભાને સંબોધી ત્યારે આ દેશના ધાર્મિક પરિવેશનો પ્રભાવ પ્રગટ થયો હતો. એનો રાજકીય પ્રભાવ મહાત્મા ગાંધી દ્વારા અહિંસાના શસ્ત્ર વડે ટીપું પણ લોહી વહેવડાવ્યા વગર બ્રિટીશ રાજની હકાલપટ્ટી જેવી ઐતિહાસિક ઘટનામાં દૃષ્ટિગોચર થયો હતો. મહાત્મા ગાંધી આટલાં વર્ષો પછી પણ વિશ્વના સૌથી વધુ અસરકારક રાજપુરુષનો મહિમા ધરાવે છે. દેશના ભાગલા પછી રજવાડાંનો પ્રશ્ન કયાંક સમજણપૂર્વક તો કયાંક બળપ્રયોગથી ચીમકીથી હલ કરનાર સરકાર પટેલ ફક્ત 'લોહપુરુષ' - નહોતા - એમણે ભારતીય અસ્મિતાના જયોર્તિધર તરીકે સોમનાથ મંદિરનો જીર્ણોદ્ધાર કરીને ધર્મનિરપેક્ષ રાષ્ટ્રની ધાર્મિકતાને પુરસ્કારી હતી. તે વખતે તો આ મુદ્દે પંડિત જવાહરલાલ નહેરુથી લઈ જયપ્રકાશ નારાયણ સુધીના વરિષ્ઠોએ સરદારનો વિરોધ કરેલો છતાં રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદ સોમનાત મંદિરના ઉદ્ઘાટનમાં હાજર રહ્યા હતા. એ જ સોમનાથ કાળક્રમે લાલકૃષ્ણ અડવાણી જેવા વિચક્ષણ નેતાને સોમનાથથી અયોધ્યા સુધીની રામજન્મભૂમિ યાત્રા માટે ખપ લાગ્યા. ભારતીય જનતા પાર્ટીને સર્વોચ્ચ પહોંચાડવામાં ભગવાન સોમનાથ અને રામલલાનું સહિયારું પ્રદાન છે. કોંગ્રેસ એની ભુલભુલૈયા ભરેલી બિનસાંપ્રદાયિકતાની બાંગ પોકારતી રહી એથી એને આજની દયાજનક સ્થિતિમાં મુકાવું પડ્યું છે. આપણે 'હિંદુ રાષ્ટ્ર' જેવાં આત્યંતિક વિચારનું સુવાંગ સમર્થન ભળે ન કરી શકીએ, પરંતુ હિંદુ સનાતન ધર્મ એ આ મહાન પ્રજાના લોહીનો લય છે, તે હકીકત શી રીતે ભૂલી શકીશું? વડાપ્રધાન નરેન્દ્ર મોદી એમની આંતરરાષ્ટ્રીય ઈમેજના જોખમે પણ આ હિંદુત્વની ઓળખ અકબંધ રાખવા કૃતસંકલ્પ છે. એમની આ નિખાલસતાનો પ્રજાએ અને સવિશેષ આંતરરાષ્ટ્રીય પ્રબુદ્ધજનોએ પુરસ્કાર કર્યો છે. ઉત્તરપ્રદેશની ચૂંટણી જીતવા માટે કાશી વિશ્વનાથની કૃપાદૃષ્ટિ જરૂરી છે એમ ભવિષ્યમાં આવનારી ગુજરાતની ચૂંટણી જીતવા માટે ભગવાન સોમનાથના આશીર્વાદ જરૂરી બલકે અનિવાર્ય છે તે મુદ્દો મોદી અને અમિત શાહની જુગલજોડી સુપેરે સમજે છે. સરદાર પટેલ, કનૈયાલાલ મુનશી કે તત્કાલીન રાષ્ટ્રપતિ રાજેન્દ્ર બાબુ માટે સોમનાથ વોટની ટંકશાળ નહોતા - એ ભારતીય અસ્મિતાના રાષ્ટ્રદેવતા માત્ર હતા. અડવાણી એ મોદી માટે એ વોટબેંકના અધિષ્ઠાતા પણ છે.

# હોળી અને કેસૂડા

જોતજોતામાં હોળી આવી ગઈ. આ વર્ષે દિવસો બહુ જલ્દીથી પસાર થતા હોય એવું નથી લાગતું? હજુ તો શિયાળો માંડ જામ્યો હતો ત્યાં તો ગરમીના દિવસો શરૂ થઈ ગયા. વસંતઋતુ પૂરબહારમાં ખીલી છે. અને બસ બે દિવસમાં જ હોળી-ધૂળેટી. વસંતઋતુ એટલે શિયાળા અને ઉનાળાની વચ્ચેની ઋતુ. આ સમયે તબિયત બહું સાચવવી પડે. શરદી, ઉધરસ, એલર્જી, તાવ આદિ બહું જોવા મળે. આ સમયે વાઈરસ અને બેક્ટેરીયાના ઈન્ફેક્શન પણ બહુ થાય. આવા જ સમયે સમગ્ર વાતાવરણને શુધ્ધ કરતો તહેવાર એટલેકે હોળી આવે. ખાખરો, લીમડો, આદિ લાકડા અને ગાયના છાણાથી બનેલ હોળી ઠેર ઠેર પ્રગટે. આ હોળી વાતાવરણમાં વાઈરસ અને બેક્ટેરીયાનો નાશ કરે છે. આપે અનુભવ્યુ હશે કે હોળી પછી શરદી-તાવ જેવા ઈન્ફેક્શન વાળા રોગો ઓછા થાય છે. હોળી સમયે ધાણી-દાળીયા-મમરા જેવા સુકા અને હળવા આહારની પ્રતિકાત્મકતા પણ સમજવા જેવી છે. હોળીના સમયે આપણો પાચકાગ્નિ મંદ હોય છે તેમજ જે લોકોની ઈમ્યુનિટી ઓછી હોય તે લોકોને ઈન્ફેક્શન પણ લાગવાની શક્યતા હોય છે. આ સમયે સૌથી અગત્યની ધ્યાનમાં રાખવાની બાબત એટલે આહાર. આવા સમયે વ્યક્તિએ પચવામાં હળવો અને સુકો ખોરાક લેવો જેથી પાચનતંત્રને બહુ બોજ ન પડે, શરીરનો વધારાનો કફ શમે અને શરીરની ઈમ્યુનિટી પણ વધે.



હોળી પછી આવે રંગોત્સવ ધૂળેટી. આજે આ આનંદોત્સવમાં રંગોનું સ્થાન અલગ અલગ કેમીકલ યુક્ત આર્ટીફિશીયલ રંગોએ લઈ લીધું છે, પણ વાસ્તવમાં ધૂળેટી નેચરલ કલર્સથી જ રમાતી અને રમાવી જોઈએ. આ નેચરલ કલર્સને પોતાના આગવા ગુણો છે જે આપણી હેલ્થ પર પોઝીટીવ અસર પાડે છે. હળદર, મોથ, મજીઠ, ભાંગરો આદિ ઔષધોમાંથી નેચરલ કલર્સ બને છે. (આજે વિદેશમાં નેચરલ કલર્સ યુક્ત પોશાકો પહેરવાનો ક્રેઝ છે. લોકો ઢગલો રૂપીયા ખર્ચીને આવા કપડા ખરીદે છે.)

ધૂળેટીના આ નેચરલ રંગોમાં શિરમોર નામ એટલે પલાશ પુષ્પ, એટલે કે કેસૂડા. પલાશના (ખાખરા) વૃક્ષ સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ઘણા છે. ૪૦-૫૦ ફૂટ ઉંચા ખાખરાનાં ઝાડને મોટા પાન હોય છે. વસંતઋતુમાં ખાખરા પર ફૂલો બેસે. આમ તો ખાખરાનું ઝાડ દેખાવે એટલું રમ્ય નથી હોતું પણ જ્યારે તેમા કેસૂડા બેસે ત્યારે બહું જ સુંદર લાગે છે.



**પહેલું સુખ તે જાતે નર્યા**

ડૉ. કેદાર ઉપાધ્યાય

ગામડામાં તો બાળકોને દિવસો સુધી કેસૂડાના પાણીમાં નવડાવવામાં આવે છે, રતાશ પડતા કેસરીયા એવા કેસૂડાના પાણીના એન્ટીસેપ્ટીક ગુણો છે. તે ચામડી માટે હિતકર છે. વાન સુધારે છે. નાનામોટા ફોડા-ફોલ્લીઓ તો તાત્કાલિક બેસી જાય છે. ચામડીની ખંજવાળમાં રાહત આપે છે. બાળકોમાં પેશાબ છૂટતો ન હોય તો કેસૂડાના ફૂલને બાફીને તેને પેડુ પર બાંધવામાં આવે છે. કેસૂડા રક્તસ્રાવ અટકાવનારા છે. કેસૂડાને ૧૦-૧૨ કલાક પાણીમાં પલાળી એ પાણી પીવાથી નાક કે મૂત્ર વાટે લોહી નિકળતું બંધ થાય છે. ખાખરાનું વૃક્ષ પણ રસાયણતુલ્ય છે. શરીરને અનેકવિધ રીતે ફાયદાકર છે. ખાખરાના ફળને પિત્તપાપડો કહે છે. તે પેટના રોગો, ડાયાબિટીસ, હરસ આદિમાં ફાયદાકર છે.

કેસૂડાનાં ફૂલો ગાંધીનગરમાં તેમજ લગભગ દરેક શહેરમાં મળે છે. કદાચ શોધવા માટે થોડી જહેમત ઉઠાવવી પડે, પણ એ જહેમત આપણા સ્વાસ્થ્ય અને આનંદ માટે છે. હોળી-ધૂળેટીની આગોતરી શુભેચ્છાઓ... -contact@atharvaayu.com

# મારા મનના ટહૂક્યા મોર, મહુડો મ્હેંકે છે !



એક અમારા કાકા ગામમાં ઘર હોવા છતાં ઘણાં બધા વરસો ખેતરમાં જ રહ્યા. ગામમાં અમારા ઘર જોડે જ એમનું ઘર હતું પણ મેં એમને કદી ઘેર રહેતા જોયા નથી. અમે જયારે પણ એમના રહેઠાણે જતા ત્યારે 'આવો, આવો રણછોડરાય!' એમ કહીને આવકારતા. પછી કયાંકથી ડાકોરનો પ્રસાદ કાઢીન મને આપતા. એમની ઝૂંપડી માથે એક મોટો મહુડો હતો. ખરેખર તો એમ કહેવું જોઈએ કે મહુડાની નીચે જ એમને ઝૂંપડી બનાવી હતી. એમને પત્ની કે સંતાન હતું નહીં એટલે આ ખેતરમાં તેઓ એકલા જ રહેતા. મહુડાને કારણે એમના ખેતરનું નામ મહુડીવાળું પડી ગયેલું. કોઈ એમ કહે કે મહુડીએ જવું છે એટલે સમજી જવાય કે સોમાકાકાને મળવા જવાનું છે. મહુડાનો મને આ પહેલો પરિચય. ગામમાં બીજે કયાંક મેં મહુડાનું ઝાડ જોયું નથી. કદાચ જોયું હશે તો ઓળખી શકયો ન હતો. બીજી વાર, મારા પિતાના મામાના ગામમાં આંબો સમજીને એક મોટું મહુડાનું ઝાડ જોયું હતું. કોઈએ સમજણ પાડેલી કે ભાઈ, આ આંબો નથી. મહુડો છે. નોકરી મળ્યા બાદ નર્મદા બંધ જોવા ગયેલા ત્યારે કેવડીયા કોલોનીમાં અને સમગ્ર નર્મદાકાંઠે અગણિત મધુવૃક્ષ જોવા મળ્યા. પાનમ બંધ વિસ્તારમાં પણ અસંખ્ય મહુડા જોવા મળ્યા હતા. આ ઋતુ એટલે વસંતઋતુ મહુડાને ખીલવાની પણ ઋતુ છે. અત્યારે જયાં પણ મહુડાઓ હશે ત્યાં ડાળેડાળે પારાવાર મહુડા બેઠા હશે અને ટપ ટપોટપ ખરતા હશે. અમારા આદિવાસી ભાઈઓ વહેલી સવારે વીણી ગયા ના હોય તો તેમને આ મજાના ફુલ ચાખવા પણ મળે. હું સચિવાલય ચાલતો જતો ત્યારે સેકટર-૧૦માં પ્રવેશ કરતા થોડેક દૂર એક મહુડો મને મળતો. એના ફૂલની મીઠાશ મેં માણી છે અને થોડાંક ભેગા કરીને કોઈવારે ઑફિસમાં લઈ જઈ સાથી મિત્રોને પણ એની મજા ચખાડેલી છે. છેલ્લા પાંચ વરસથી એ રસ્તે નીકળ્યો નથી. ગાંધીનગર શહેરના વિકાસના ભાગરૂપે ત્યાં બંધાયેલી કચેરીઓને કારણે હવે તે સ્થળે મહુડા ભગતનું હાજર હોવું લગભગ અશક્ય છે. અમારા સેકટર-૧ માં પણ એક મહુડો મેં જોયેલો છે. ૨-એમાં રીંગરોડ નજીકમાં કયાંક હતો એવું યાદ આવે છે. આ તો એકલદોકલ ઝાડની વાત થઈ પરંતુ હજારોની સંખ્યામાં મહુડા જોવા હોય તો દેવગઢબારીયા જાવ. એ દૂર પડે તેમ હોય તો વીરેશ્વર - શરણેશ્વર જાવ ત્યાં મહુડાની સાથોસાથ કેસૂડા પણ આંખ અને દિલને છલકાવી દેશે. અંબાજીમાં તો કેસૂડા જ પાંખા -ઝાંખા દેખાવા માંડ્યા છે ત્યાં મહુડાભાઈ કયાંથી જોવા મળે ? આવા સંજોગોમાં શીમળો જોવાનું ભાગ્ય કયાંથી લાવવું ?

અમારા વનવાસીઓભાઈઓ માટે તો મહુડો અને વાંસ કલ્પવૃક્ષ કરતાં સહેજે ઉતરતા નથી. આ બંને વૃક્ષો એમના જીવનનો ભાગ બની ગયા છે. મહુડાના ફૂલોના ગણ્યા ગણાય નહીં એટલા ઉપયોગો છે. પહેલું તો એ સીધેસીધા દ્રાક્ષની જેમ ઘાઈ શકાય છે. આથી જ ઈશ્વરે જયાં દ્રાક્ષ નથી પાકતી ત્યાં મહુડા પકાવ્યા છે. એનાં ફૂલ સૂકવીને તલની સાથે શેકીને પણ ખાઈ શકાય છે. સૂકા ફૂલોને ખાંડીને લોટ બનાવી એમાંથી સ્વાદિષ્ટ લાડવા (મોદા) પણ બનાવવામાં આવે છે. હળવદના લાડુ ખાવાના વિક્રમો કયારના ય ધરાશાયી થઈ ગયા હોત. રાતભર ફૂલ પલાળી રાખીને સવારે શરબતની જેમ પણ પી શકાય છે. આ તો થઈ ખાનપાનની વાત, બલકે મહુડાના આયુર્વેદિક ઉપયોગ પણ ઘણા છે. અને જે વિસ્તારોને સાગ સીસમ જેવા વૃક્ષો થતાં નથી ત્યાં રાયણ-મહુડાના લાકડાના જ મોતી લગાવવામાં આવતા હતા એ તા આપનામાંથી ઘણી લોકો જાણતા હશે. મહુડાના બેસુમાર ઉપયોગો વિશે કોઈ જાણકાર અલગ પુસ્તિકા લખે તો સમાજને ઘણી જાણકારી પ્રાપ્ત થાય.



**મનના ઉમંગો**

રણછોડ પરમાર

મહુડાના ફૂલમાંથી તમરાઓ મીઠું મધ મેળવે છે અને માનવજાત એને કહેવડાવીને એ એમાંથી મદ્યાર્ક બનાવે છે એને ઉપયોગ નહીં પણ દુરુપયોગ કહેવો જોઈએ. કાળા માથાના માણસ આવા અવળા કામ શું કરવા કહેતો હશે એ પુરાણકાળથી યક્ષ પ્રશ્ન રહ્યો છે. નશાબંધીની નીતિને વળગેલા ગુજરાતમાંથી મહુડાના વૃક્ષો ધીમે ધીમે ઘટતા જાય છે. પરંતુ મદ્યપાન કરનારા લોહીની સંખ્યા કેમ ઘટતી નથી એ વળી પાછો બીજો મુખ્ય પ્રશ્ન છે. વળી આપણને શું કહે છે ખબર છે ?' અસલમાં દારૂ તો મહુડાનો!

આંબા-આંબલી, વડ-પીપળા, આસોપાલવ બધાના ગીત કવિઓએ લખ્યાં છે. કેસૂડા - શીમળાના હોય જ પરંતુ ચાવળ-બાવળ બોરડીનાયે ગીતો લખાયા છે પણ મહુડાની કોઈએ ગીત લખ્યું હોય એવું કમસેકમ મારી જાણમાં નથી. મહુડાનું પાન લાખોએ કર્યું છે પણ ગાન કોઈએ કર્યું નથી. અરે સોનગઢવાસી સુરેશ જોષીએ પ્રકૃતિવર્ણનના સેંકડો નિબંધો લખ્યા છે. મહુડા વિશે કાંઈ લખ્યું નથી. કાઠિયાવાડમાં આમેય ઝાડપાન ઓછાં ત્યાંના લોકોને ખીજડા સિવાય બાકીના વૃક્ષ ખાસ જોવા મળે નહીં, બહુ બહુ તો આંબા કે લીમડાને ઓળખે. રમેશ પારેખ જેવો કવિ અમરેલીના બદલે પંચમહાલ કે છોટા ઉદેપુરમાં જન્મ્યો હોત તો મહુડાનું એકાદ નશીલું ગીત જરૂરથી લખ્યું હોત. મણીલાલ હ. પટેલે 'સોનાનાં વૃક્ષો' નામનો એક અદ્ભૂત નિબંધ લખ્યો છે. તમને જો મારું લખાણ થોડુંકે ગમ્યું હોય તો આ નિબંધ અવશ્ય વાંચજો, જલસા પડી જશે! બાકી ગીત મારે તો તમારે મારા અધકચરા પ્રયત્નથી જ ચલાવવું પડશે. સુખેદુઃખે વાંચી લ્યો મારા ભાઈ!

**મહુડો મ્હેંકે છે**

મારા મનના ટહૂક્યા મોર, મહુડો મ્હેંકે છે.
મધ-ફૂલ કરે કલશોર, મહુડો મ્હેંકે છે.
લીલાં-પીળાં પાન સજ્યાથી એની વધતી શાન રે,
કેસૂડો જો રાજા થાશે, એ થાશે પરધાન રે;
એના હૈયે બહુ હિલ્લોળ, મહુડો મ્હેંકે છે.
મસ્ત બનીને એવો હોડે ડોલે જાણે કુંવર કાન રે,
રાધારામણી કયારે આવે એનું ધરતો ધ્યાન રે;
કોઈ કરે ના સ્હેજ ટકોર, મહુડો મ્હેંકે છે.
પાગલ મન તું દોડી-ભાગી શીદ દુઃખાડે પાય રે,
આવી મારે છાંયે બેસી, હેતે ઢાળો કાય રે,
મારી મ્હેંકને લ્યો અંઘોળ, મહુડો મ્હેંકે છે.
ઘેલી નારી વનમાં ઘુમે, સુણે કોયલ ગાન રે,
ગીત પિયુના ગુંજે હળવા, ચાલો ધરીએ કાન રે,
ઝટ આવે ચિત્તના ચોર, મહુડો મ્હેંકે છે.

# માણસ જેવો માણસ ક્ષણમાં ધૂમાડો થઈ જાય... એ કઈ જેવી તેવી વાત નથી

**માણસ જેવો માણસ ક્ષણમાં ધૂમાડો થઇ જાય**
**એ કઈ જેવી તેવી વાત નથી**

**- સંદીપ ભાટિયા**

પિતાજીના મૃત્ય પછી... મૃત્યુ નામની ઘટનાએ મન પર જબરો કાબુ જમાવી દીધો છે. મૃત્યુનું ચિંતન જાણે જીવનરસને વધુને વધુ ગાઢો બનાવી રહ્યું છે. અત્યાર સુધી ક્યારેય ણ સમજાઈ હોય એવી જીવન વિષયક સબુકાઈ-ને-સાવધાની આ મૃત્યુ મને શીખવી રહ્યું છે.

મનુષ્ય મૂળે વિચારશીલ પ્રાણી છે. મનનું ચવર્ણ તો સતત ચાલ્યા જ કરતુ હોય છે. સુખદ – દુઃખદ ઘટનાઓની અસર મન પર રહ્યા જ કરતી હોય છે. મોટે ભાગે પ્રત્યેકને મરણનો ભય સતાવતો હોય છે... મરણના વિચારો ખળભળાવી દેતા હોય છે. કારણ મૃત્યુ તો અગમ ને અગોચર છે. જ્યારે જીવન એ તો આપણો રોજીંદો જાત અનુભવ છે. મૃત્યુ તો અજાણ્યા પ્રદેશના પ્રવાસ જેવું છે. પહેલીવાર પ્રવાસે નીકળીએ ત્યારે જે અજંપા મિશ્રિત ભય મનને ઘેરી વળે એવું જ કઈ મૃત્યુ વિષે છે. બહુધા મરણનો ભય કાલ્પનિક હોય છે.થોડે ઘણે અંશે વાસ્તવિક પણ ગણાય... આપણા જીવનમાં ઉમેરાતો પ્રત્યેક દિવસ જિંદગીનું નર્યું પુનરાવર્તન જ છે, જેનાથી આપણે સાવ ટેવાઈ ગયા છીએ. એટલે જીવનનો ક્યાં કદી ભય હોય છે!

મૃત્યુ એટલે પૂર્ણવિરામ... મૃત્યુ બાદ કશું જ હોતું નથી... REBIRTH પુનર્જન્મ છે કે કેમ? એ બધું અટકળ કે આશ્વાસન. આરંભ એનો અંત, જન્મે એનું મરણ, ઉગે એ આથમે, ખીલે એ ખરે... આમ આ મૃત્યુલોક દ્વંદ્વથી સભર છે... પ્રત્યેકનો સ્વીકાર કર્યે જ છૂટકો... માત્ર ને માત્ર ઉન્નત વિચારો જ જીવવાનું જોમ ટકાવી શકે. નાના હતા ત્યારે નાટક જોવાં ખૂબ ગમતાં... અરે, અધીરા – ને – ઉતાવળા થતા.... નાટકનો ઈન્ટરવલ પડે ને ત્રીજો અંક શરુ થાય.... ત્યારે હવે નાટક પૂરું તી જશે એ વાત ખૂબ ખટકતી.... આજે નાટક પૂરું થાય એનું દુઃખ નથી થતું ઉલટું વધુ પડતું લંબાય તો મનમાં થયા કરે ક્યારે ઝટ પૂરું થાય...

દોસ્તો, મારે મન જીવન એક રોમાંચક સફર છે. સ્નેહી – સ્વજનો, સગાં વહાલાં, ચીર પરિચિતો સાથે લોહીના કે ઋણાનુબંધના સંબંધે અન્યોન્ય બંધાયેલા છીએ. આ બધાની વચ્ચેથી ચાલ્યા જવાનું ન ગમે એ સહજ છે. છતાં જે નિશ્ચિત છે તે મૃત્યુ બધું જ ઝૂંટવી લેશે ત્યારે એનો સ્વીકાર કરવો એમાં જ ખરું શાણપણ – ને – ડહાપણ છે, એ ન ભૂલશો.

રાજમહેલનાં કલ્પનાતીત સુખ – વૈભવમાંથી અનાયાસ બહાર નીકળી જીવનમાં પ્રથમવાર રોગી – વૃદ્ધ ને મૃત્યુને નિહાળનાર પેલા સિદ્ધાર્થ મહાભિનિષ્ક્રમણ કરી ભગવાન બુદ્ધ બને છે..... શાશ્વત શાંતિના હકદાર બને છે. પ્રત્યેક માનવીએ જ્ઞાનસભર બની વાસ્તવ સામેં આંખ મેળવી વાસ્તવને વાંચવો જોઈએ. ઠીક, મરણ કરતાંયે માણસને ક્યારેક શારીરિક કે માનસિક પીડા ખૂબ જ પજવતી હોય છે. શરીરને વળગેલો કોઈ અસાધ્ય રોગ જયારે પરવશ બનાવી દે ત્યારે જીવન દોહ્યલું બની જાય છે. સહારે – સહારે જીવનની ક્ષણો કાપવાની આવે ત્યારે એક સમયની હળવીફૂલ હસીન જિંદગી કેવી દુસહ્ય બની જાય છે એ તો અનુભવે જ સમજાય... ઓશિયાળી આંખે દુનિયા નિહાળવાની આવે ત્યારે તેની પીડા માનવીને અંદરખાને તોડી નાખે... તરડી નાખે છે જીવનના સંધ્યાકાળે હૂંફની ભૂખ હોય છે. સાવ નજીવી બીમારીમાં ગામ ગાડું કરનારાયે જોવા મળશે... આખરે વિચારો જ માણસને મારે છે અને તારે છે. ઘણીયે વાર એક સાંધીએ ત્યાં ભેર તૂટતા હોય છતાં લેશમાત્ર રડ્યા કે ડગ્યા વગર જીવી જનારા પણ જોયા જાણ્યા છે.



**લાગણીનો મેળો**

રસિક વાળંદ

આ બધામાં વિશેષ કરીને જીવાય એટલુંઆનંદથી જીવી જનારા અલગારી ઓલિયા જીવોનું મને ખાસ ખેંચાણ રહ્યું છે. કેટલાયે બેફીકર ચહેરા મરણને ભેટવા હાથ ફેલાવીને ઉભા હોય... કાશ, ડંફાસ હાંકનારા કે ફાંકો-રાખનારા પ...ણ... હોય... એની ચર્ચા ન કરીએ...

મિત્રો, જીવનું પુનઃ શિવમાં ભળવું એટલે મરણ... પ્રભુ શરણે જવાનો મોકો એટલે મરણ... પિયરમાં જવાનો ક્રમ એટલે મરણ... આ તો મોક્ષદાયી ઘટના છે.. આત્મોજ્જવલ થવાની અલૌકિક ઘટના... ઝીર્ણ વસ્ત્રો બદલવાની ઘટના... માના એક સ્તન પરથી બીજા સ્તન પર જવાની ઘટના... સહજ સ્વીકારવાની ઘટના... જેને આપણે બધા મૃત્યુ કહીએ છીએ... એક શાયરે સાચે જ લખ્યું છે...

જીંદગી મેં દો મિનીટ કોઈ મેરે પાસના બૈઠા...
આજ સબ મેરે પાસ બૈઠે જા રહે થે....
કોઈ તોહફા ના મિલા આજ તક...
ઔર આજ ફૂલ હી ફૂલ દિયે જા રહે થે..
તરસ ગયે થે હમ કિસી એક હાથ કે લિયે...
ઔર આજ કંધે પે કંધે દિયે જા રહે થે...
... દો કદમ સાથ ચલને કો તૈયાર ન થા કોઈ...
ઔર આજ કાફિલા બન સાથ ચલે જા રહે થે...
... આજ પતા ચલા મુઝે કિ 'મૌત' કિતની
હસીન હોતી હૈ... કમબખ્ત... હમ તો યુ હિ 'જીંદગી'
જીયે જા રહે થે...

**સ્પર્શમણિ**

પૂર્વ જન્મના અધૂરા સંબંધોને કારણે આપણે આ જન્મમાં મળ્યા છીએ.

આ સંબંધને આપણે પરિવાર કહીએ છીએ.

પરિવાર જ્યાં રહે છે એને આપણે ઘર કહીએ છીએ.

પરિવારના દરેક સભ્યમાં ઈશનો વાસ છે.

ઘરને જ આપણે મંદિર બનાવીએ તો મંદિર મંદિર ભટકવાની જરૂર પડે?

ના,

તો ચાલો ઘરમાં એકબીજાના થઈને રહીએ.

અને પૂર્વજન્મના ઋણ ચૂકવતા રહીએ પછી

તો લોકો જ કહેશે ઘર તો મંદિર જેવું છે.